ગુજરાતમિત્ર
શુક્રવાર ૧૯ જૂન, ૨૦૨૬

રિશ્તે



આજે પણ સુરતમાં સંયુક્ત પરિવારો જોવા મળતા જ હોય છે. બે ભાઈઓ એક જ ઘરમાં રહેતા હોય, એક જ બિઝનેસમાં હોય અને એક જ ઓફિસમાં બેસતા હોય એમાં પણ કાંઈ નવું ના ગણાય પણ બંને ભાઈઓ એક જેવા કલરના સેમ ડિઝાઈનના એકસરખા કપડાં પહેરે, શૂઝ પણ સેમ પહેરે અને કાંડા ઘડિયાળ પણ સરખી જ હોય ત્યારે નવાઈ લાગતી હોય. જો આવું દ્રશ્ય આપણને જોવા મળે તો પહેલાં તો કેટલીક ક્ષણો આપણી નજર એ બંને ભાઈઓના કપડાં, ઘડિયાળ અને શૂઝ તરફ જ ટકેલી હોવાની અને મોઢામાંથી આ જ ઉદગાર નીકળશે ખરો પ્રેમ છે બંને ભાઈઓ વચ્ચે તો! પણ આવું ક્યાં જોવા મળે એ પ્રશ્ન પણ ઉદ્ભવતો હોય? તો ચાલો અમે આવા જ બે ભાઈઓ સાથે તમારી મુલાકાત આ લેખના માધ્યમથી કરાવીએ. આ ભાઈઓ સેમ કપડાં, શૂઝ, ઘડિયાળ કેમ પહેરે છે, તેઓ અનોખું કહી શકાય તેવું દાન પણ રોજેરોજ કરતાં હોય છે તો આ દાન શું છે તેના વિશે આ બંને ભાઈઓ દીપકભાઈ અને સાગરભાઈ પાસેથી જાણીએ...

# ભાઈઓ પહેરે એક સરખા કપડાં, બાળકો પણ હોય મેચિંગ ડ્રેસમાં

## બંને ભાઈઓ એક વર્ષથી એકસરખા કપડાં પહેરે છે

કતારગામ વિસ્તારમાં રહેતા અને બેગ્સના બિઝનેસ સાથે જોડાયેલા ભાઈઓમાં દીપકભાઈ જેઠવા મોટા છે અને સાગરભાઈ નાના છે. દીપકભાઈએ જણાવ્યું કે, અમે એક જ ઘરમાં 10 મેમ્બર્સ રહીએ છીએ. મારી વાઈફ અને મારી બે જોડકી દિકરીઓ, મારો દીકરો અને નાનો ભાઈ સાગર તેની વાઈફ અને તેનો દીકરો અને દીકરી તથા અમારા મમ્મી અમે સાથે રહીએ છીએ. એક વર્ષથી હું અને મારો નાનો ભાઈ ગ્રે, બ્લેક, બ્લુ અને નેવી બ્લુ વ્હાઈટ કલરના સેમ ટૂ સેમ કપડાં પહેરીએ. અમે ઓફિસ પણ એક જ કારમાં જઈએ અને બપોરે ઘરે જમવા પણ સાથે જ કારમાં જઈએ. આવું અમે એક બીજા પ્રત્યે સ્નેહભાવ દર્શાવવા અને બંને ભાઈઓનો પ્રેમ આગળને આગળ વધતો જાય, ક્યારેય ઘટે નહીં આ માટે એકસરખા કલરના કપડાં પહેરીએ છે. તેઓ ફેમિલી સાથે કશે ફરવા ગયા હોય ત્યારે બંને ભાઈઓને એકસરખા કપડામાં જોઈને લોકો બંને ભાઈઓની જોડીને રામરતનની જોડી કહેતા હોય છે. આજના જમાનામાં પણ બંને ભાઈઓનો આ સંપ સમાજમાં દાખલો બેસાડનાર હોવાનું કહેતા હોય છે. અમે ભાઈઓ એકબીજા વગર નથી રહી શકતા તે દર્શાવવા પણ એકસરખા કપડાં પહેરવાનું પસંદ કરીએ છે.



## બંને ભાઈઓની વાઈફ અને બાળકો પણ પ્રસંગોમાં કપડાંનું કરે છે મેચિંગ

દીપકભાઈના વાઈફ અને સાગરભાઈના વાઈફ પણ પિંક, પર્પલ, યેલો કલરના સેમ ટૂ સેમ ડ્રેસ પહેરે. તેઓ ઘરમાં પણ ઘણી વખત મેચિંગ કપડામાં હોય અને સામાજિક પ્રસંગોમાં પણ સેમ ટૂ સેમ કપડામાં હોય. બંને ભાઈઓના બાળકો પણ કપડાંનું મેચિંગ કરે. કશે ફરવા ગયા હોય તો બધા જ મેચિંગ ડ્રેસમાં હોય. બંને ભાઈઓની પત્નીઓ વચ્ચે બહુ સારું બોન્ડિંગ છે તેઓ બંને પણ હમેશા એક સાથે જ રહેશે તે દર્શાવવા સરખા કલરના ડ્રેસનું મેચિંગ કરે છે. કોઈ એક ભાઈ શોપિંગ કરવા નીકળે એટલે બીજા ભાઈ માટે પણ સેમ ટૂ સેમ વસ્તુ જ ખરીદે.



## દર મહિને લગભગ એક લાખ રૂપિયાનું દાન કરે



સાગરભાઈએ જણાવ્યું કે, અમે વર્ષના 365 દિવસ દાન કરીએ છીએ. જે બાળકોના પિતા નથી તેમને સ્કૂલ બેગ ફ્રીમાં આપીએ. અમારા સમાજમાં જેટલાં લગ્ન થાય તેમાં દીકરીઓને ટ્રોલી બેગ ફ્રીમાં આપીએ. અમારી કારમાં 50-100 જોડી ચપ્પલ રાખેલા હોય જે જરૂરિયાતવાળી વ્યક્તિઓને આપીએ. દીપકભાઈને બે ટિવન્સ દીકરીઓ અધૂરા મહિને જન્મી હોવાથી ટ્રીટમેન્ટ માટે લાખો રૂપિયાની જરૂર હતી ત્યારે આ બંને ભાઈઓની સ્થિતિ સાધારણ હતી. તકલીફની ઘડીમાં તેમને ગોવિંદભાઈ ધોળકિયા તરફથી નાણાકીય સપોર્ટ મળ્યો હતો, ત્યારે જ બંને ભાઈઓએ નીર્ધાર કર્યો હતો કે હવે માંગવા જવું પડે એવું નહીં પણ બીજાને દેતા થઈએ.

---

## મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

**‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**




## પડતો નથી વરસાદ અને ગરમ છે આકાશ, હવે તો દર્શાવ તારી કૃપાદષ્ટિ, ઓ સુખની આશ...

દુઃખી છે સામાન્યજન અને જગતનો તાત, અધીરું થયું છે જગ પાણી માટે હે સુખનો દાત... વરસ્યા છે ચાર મહિના આકાશમાંથી અગનગોળા, સુકાઈ રહ્યા છે હવે તો નદીને નાળા... મેઘાનાં સપનાં પણ હવે ઝાંખા થઈ રહ્યાં છે, વાવેલા પાક હવે તો સુકાઈ રહ્યા છે... ક્યારે વરસશે, ઓ મારા વરસાદ, ક્યારે ભોગવીશું પાકરૂપી પ્રસાદ... બાળકો કાગળની હોડી બનાવીને બેઠા છે, પણ પાણી નથી વહેતું તેથી ઉદાસ છે... ખેતરમાં વાવણી માટે રાહ જોઈ રહ્યો છે ખેડુ, ક્યારે આવશે પાણી અને ક્યારે થશે સિંચાઈનું તેડું... હવે તો નાહવા માટે થઈ રહ્યા છે અધીરા, ક્યારે કરશે આશ પૂરી ઓ મેઘા, મારા વીરા...

---

કાંતારેશ્વર મહાદેવ કે જે રામાયણકાળથી સૂર્યપુરમાં આવેલું છે, જેનો મહિમા માત્ર મહાદેવ સાથે જ નહિ પણ સૂર્યદેવ અને કપિલમુનિ સાથે પણ જોડાયેલો છે. આ એવું તીર્થ છે જેની સાથે સૂરતીઓની માત્ર શ્રદ્ધા જ નથી જોડાઈ પણ સૂરતનો ઈતિહાસ પણ જોડાયેલો છે. તો જાણો અહીં આવેલા સૂર્યકુંડ વિષે, કપિલમુનિ વિષે, ભાનુક્ષેત્રનાં મહિમા વિષે....





# કાંતારેશ્વર મહાદેવ જેમના નામથી ‘કતારગામ’ વિસ્તાર વિકસ્યો




આપણે સૂરતીઓ જેને કંતારેશ્વર મહાદેવનાં મંદિર તરીકે ઓળખીએ છીએ તેનું ખરેખર તો ‘કાંતારેશ્વર’ તરીકે ઉચ્ચારણ થાય છે. તે કતારગામમાં આવેલું છે; આ કતારગામનું મૂળ નામ કંતારગ્રામ હતું. કાંતારનો અર્થ વન એવો થાય છે. કાંતારમાંથી પ્રગટેલા દેવ એટલે નામ “કાંતારેશ્વર’ પડ્યું કારણ કે એક જમાનામાં તાપી નદી અહીંથી વહેતી હતી અને તેની આજુબાજુ ગાઢ જંગલ હતું.

એવું કહેવાય છે કે આ ક્ષેત્રના ત્રણ અધિષ્ઠાતા દેવ છે: ૧.) શ્રી કાંતારેશ્વર મહાદેવ, ૨.) સૂર્યનારાયણ અને ૩.) કપિલમુનિ. અતિ પ્રાચીન કાળમાં ષટદર્શન પૈકી સાંખ્યદર્શનનાં પ્રણેતા કપિલમુનિનો આશ્રમ અહીં હતો. તાપીમહાત્મયમાં આપવામાં આવેલ વિગત મુજબ આ સ્થાને કપિલમુનિએ સૂર્યનારાયણની આરાધના કરી કપિલા ગાયનું દાન કર્યું. મુનિના તપથી પ્રસન્ન થઈ સૂર્યનારાયણે તેમને વરદાન માંગવા કહ્યું; ત્યારે કપિલમુનિએ કહ્યું, “આપ આ ક્ષેત્રમાં આવીને વસો.” સૂર્યનારાયણનાં પ્રચંડ તેજથી ધરતી ફાટી ન જાય તેથી સૂર્યદેવે પોતાની ઊર્જા મહાદેવને અર્પણ કરી. ત્યારથી સૂર્ય ભગવાન અહીં શિવજીરૂપે રહ્યા. કથા મુજબ આપણાં સૂરતનું નામ “ભાનુક્ષેત્ર’ પણ આ કારણે પડ્યું. જે દિવસે સૂર્યદેવે કપિલમુનિને વરદાન આપ્યું હતું તે દિવસ ‘કપિલા ષષ્ઠી’ નામે ઓળખાયો. કપિલા ષષ્ઠી આમ તો દર વર્ષે ભાદરવા વદ છઠને દિવસે ગણાય છે, પરંતુ ખરેખર કપિલા ષષ્ઠી નીચે પ્રમાણેનાં છ યોગ હોય ત્યારે જ ગણાય છે: ભાદરવો મહિનાની વદ છઠ તો ખરી જ પણ મંગળવાર, હસ્તનક્ષત્ર અને વ્યતિપાત હોય ત્યારે આવા યોગવાળી કપિલા ષષ્ઠીની અહીં ‘મહાપર્વ’ તરીકે ઉજવણી થાય છે. છેલ્લે આવા મહાપર્વની ઉજવણી ઈ.સ.૧૯૯૫માં થઈ હતી. હાલમાં પણ અહીં કપિલમુનિની મૂર્તિ આવેલી છે. ભગવાન કાંતારેશ્વરના પૂજન પહેલાં આજે પણ સૌપ્રથમ અહીં સૂર્યપૂજન કરવામાં આવે છે.

તાપી નદી પોતાના પ્રવાહ બદલવા માટે જાણીતી છે એટલે જ્યારે તાપીનો પ્રવાહ અહીંથી દૂર ખસી ગયો ત્યારે અહીં મોટો બેટ બન્યો. સમયની ગર્તામાં જંગલમાં આવેલું આ ક્ષેત્ર નામશેષ થઈ ગયું હતું. તેનાં માટે પણ એક આખ્યાયિકા છે કે રાંદેરના એક ધનાઢ્ય શેઠની ગાયો તાપી તટે ચરવા આવતી. બપોરનાં વિશ્રાંતિના સમયમાં તેમાંથી એક ગાય વનરાજીમાં જઈ દૂધની ધારા વહાવી પાછી આવતી. પછી તે સાંજે દૂધ દેતી નહિ તેથી શેઠને ગોવાળિયા પર વહેમ ગયો. પણ ગોવાળિયો તો તપાસ કરતા નિર્દોષ નીકળ્યો. શેઠને સમજાયું નહિ કે આ ગાય સાંજે દૂધ કેમ આપતી નથી?! આ શેઠ સૂઈ ગયો ત્યારે તેને મહાદેવજીએ સ્વપ્નમાં આવી કહ્યું કે, “ત્યાં મારું સ્થાનક છે. મારી ત્યાં સ્થાપના કર.” બીજે દિવસે શેઠ જાતે ત્યાં ગયા. ત્યાં ઝાડી-ઝાંખરા કપાવી, ખોદકામ કર્યું તો પિનાકપાણિ સાંબસદાશિવ ભોળાનાથ પ્રગટ્યા, આથી જ કાંતારેશ્વર પ્રભુ સ્વયંભૂ કહેવાય છે.

**શંકાશીલ શેઠિયો જ્યારે ગાયની પાછળ સંતાઈને દાખલ થયો ત્યારે ગાય નિત્ય નિયમ પ્રમાણે શિવલિંગ પર દૂધની ધારા વહાવવા લાગી ત્યારે શેઠિયાનો ઓળો જોઈને ગાય ચમકી ગઈ. તેનો એક પગ લિંગ પર પડતા લિંગ અદ્રશ્ય થયું અને તે સ્થાને ગાયની ખરીનો આકાર ચિન્હરૂપે રહ્યો**

કાંતારેશ્વર એ પંચેશ્વર પણ છે. શિવજીનું સામાન્ય રીતે એક જ લિંગ હોય છે, પણ અહીં કાંતારેશ્વરમાં નાનાં નાનાં ચાર લિંગ છે, પાંચમી ગાયની ખરીનું નિશાન છે. આ પાંચ લિંગ એ તે સૂરતની આસપાસનાં ગામોમાં આવેલા પાંચ દેવભાઈઓનું એક એક શિવલિંગ છે એવું માનવામાં આવે છે. ૧.)કાંતારેશ્વર- કતારગામ, ૨.)કનકેશ્વર- કણાવ, ૩.)કપિલેશ્વર- સરોણા, ૪.) કર્દમેશ્વર-બાલપુર, ૫.) કેદારેશ્વર - બારડોલી. ખરેખર તો પાંચ શિવલિંગ જ હતા પણ ગોવાળિયા પર શંકા આવતા રાંદેરનો પેલો શંકાશીલ શેઠિયો જ્યારે ગાયની પાછળ સંતાઈને દાખલ થયો ત્યારે ગાય નિત્ય નિયમ પ્રમાણે શિવલિંગ પર દૂધની ધારા વહાવવા લાગી ત્યારે શેઠિયાનો ઓળો જોઈને ગાય ચમકી ગઈ. તેનો એક પગ લિંગ પર પડતા લિંગ અદ્રશ્ય થયું અને તે સ્થાને ગાયની ખરીનો આકાર ચિન્હરૂપે રહ્યો.

કાંતારેશ્વર ધામની બીજી એક વિશેષતા અહીં આવેલો ‘સૂર્યકુંડ છે; જોકે ઘણા તેને ‘રામકુંડ’ પણ કહે છે. ભાનુક્ષેત્રમાં આવેલો હોય તે “સૂર્યકુંડ’ તરીકે ઓળખાય છે. આ કુંડની આસપાસ દસ દહેરાં આવેલા છે અને આ દહેરાંઓમાં એકાદસ રુદ્ર બિરાજમાન છે અને દક્ષિણ ભાગે કુબેર ભંડારી બિરાજમાન છે. ભગવાન શ્રી રામચંદ્રનાં હસ્તે ઉદ્ભવ્યો હોવાથી ‘રામકુંડ’ તરીકે પણ તે ઓળખાય છે. એક કથા એવી છે કે ભગવાન શ્રીરામ ઉનાઈ-અનાવલથી ઋષિમુનિઓ સહિત આ પવિત્ર સ્થાનમાં આવ્યા ત્યારે તેમને ઠંડા પાણીથી સ્નાન કરવાની ઈચ્છા થતા ભગવાન રામે જમીનમાં ધનુષ મારી નિર્મળ જળની ધારા પ્રગટાવી. પછી કોઈક વૃદ્ધાએ આ ભવ્ય અને અદ્ભુત કુંડનું કલામય બાંધકામ કરાવ્યું. પણ એ વિષે કોઈ ઠોસ માહિતી મળતી નથી. આ સૂર્યકુંડ હાલ તો તાળું મારીને બંધ રાખવામાં આવે છે, બાકી થોડા દાયકાઓ પહેલાં લોકો આ સૂર્યકુંડથી પાણી લઈ કાંતારેશ્વર મહાદેવ પર ચઢાવી ધન્ય થતા હતા. જય શ્રી કાંતારેશ્વર...

**વારસાની વરિયાળી**

**એવું માનવામાં આવે છે કે શ્રાવણ મહિના દરમિયાન એક દિવસમાં સવારથી સાંજ સુધીમાં ઉપરોક્ત પાંચે શિવાલય એટલે કે પંચતીર્થના દર્શનથી પુણ્યફળની પ્રાપ્તિ થાય છે એટલે જ સૂરતીઓમાં શ્રાવણ મહિનામાં આ શિવાલયોના દર્શન કરવાનો મહિમા રહેલો છે.**

---

# સુરતના ફ્લેટ્સમાં 3D એમ્બોઝ વોલ સ્કલપચરનો ટ્રેન્ડ

CREATIVE માઈન્ડ્સ

**આપણે થોડું ભૂતકાળમાં જઈએ. મોટા મોટા બંગલાની બહારની દીવાલો સુંદર મજાના પેઈન્ટિંગ્સથી ડેકોરેટ કરાયેલી જોવા મળતી. બંગલાના કમ્પાઉન્ડ કહો કે ગાર્ડન તેમાં સુંદર વોટર ફોલ્સ અને બીજા સકલ્પચર્સ જોવા મળતા. જે આંખોને અટ્રેક્ટ કરતાં. એ સમયે ફ્લેટ કલ્ચરમાં તે નહિવત જોવા મળતું પણ સમય બદલાયો અને સોશ્યલ મીડિયાના પ્રભાવમાં તથા આવી રીતે ડેકોરેશનથી પણ ઘરને પોઝિટિવિટીમાં કન્વર્ટ કરી શકાય, માઈન્ડ ફ્રેશ થાય એ અનુભવાતા ફ્લેટ કલ્ચરમાં પણ હવે બેડરૂમ, ડ્રોઈંગ રૂમ, પ્રવેશ દ્વારની દિવાલોને આ રીતે સુશોભિત કરવાનો ટ્રેન્ડ આવ્યો છે. ચાલો કેમ આવા પેઈન્ટિંગ્સ કે વોલ 3D એમ્બોઝ સકલ્પચરનો ટ્રેન્ડ હવે જોવા મળે છે અને તેમાં પણ શું વેલ્યુ એડીશન કરાય છે જેથી તે ચિત્ર કે તે આકૃતિ એકદમ રિયલ લાગે છે, તે જાણીએ...**




## બેડરૂમની વૉલ પર કાર્ટૂન પેઇન્ટિંગ, મૂન એમ્બોઝ કરવાનો ટ્રેન્ડ છે




બેડરૂમમાં જતા જ માણસ રિલેક્સ્ડ ફિલ કરવા લાગે છે. તે બેડરૂમની દીવાલ પર કાર્ટૂનના પેઇન્ટિંગ્સ, નાઈટ મૂન એમ્બોઝ કરવામાં આવ્યું હોય, ફોરેસ્ટમાં પહાડો પરથી પાણીનો ધોધ નીચે પડતો હોય અને આજુબાજુ ગ્રીનરી હોય તેવા પેઈન્ટિંગ્સ કે વૉલ 3D એમ્બોઝ સકલ્પચર જોઈને મગજ શાંતિ અને તાજગીનો અહેસાસ કરે છે. બાળકોના બેડરૂમમાં કાર્ટૂન પેઇન્ટિંગ હોય તો બાળક સ્કૂલ કે ટ્યુશનથી કંટાળીને આવ્યો હોય અને તે વૉલ પરની પેઈન્ટિંગ્સ જુએ તો તેને હેપ્પીનેસ ફિલ થાય છે તે બહારની દુનિયાથી દૂર થઈ પોતાની લાઈફમાં કનેક્ટ થઈ જાય છે. કપલ બેડરૂમમાં નાઈટ મૂન એમ્બોઝ કરાય છે જે તેમને તાજગીનો અહેસાસ કરાવે છે. કેટલાંક લોકો પોતાના પોટ્રેટ પણ બેડરૂમમાં એમ્બોઝ કરાવે છે.



## બેઠક રૂમમાં રાધા-કૃષ્ણ, ભગવાન બુદ્ધ અને પર્સનલ ફિગર એમ્બોઝ કરાય છે



ફ્લેટમાં પણ બેડરૂમને વૉલ પેઇન્ટિંગ, 3D એમ્બોઝ સકલ્પચરથી ડેકોરેટ કરાય ને જાણે તે રિયલ છે તેનો અહેસાસ તો કરાવાય જ છે સાથે બેઠક રૂમ (હોલ) માં રાધા કૃષ્ણ, ભગવાન બુદ્ધના આવા સકલ્પચર એમ્બોઝ કરાય છે જેનાથી માણસ પોતાના દેવી-દેવતા સાથે ડ્રોઈંગ રૂમમાં પ્રવેશ કરતા જ કનેક્ટ થયાનો અહેસાસ કરી શકે છે. પર્સનલ ફિગર જેમકે, માતા-પિતાની આકૃતિ પણ એમ્બોઝ કરાય છે.



## એન્ટ્રન્સની એલિવેશન વૉલ પર પણ મેટલમાં ફ્લાવર્સ એમ્બોઝ કરાય

ફ્લેટના પ્રવેશ દ્વાર પાસેની એલિવેશન વૉલ પર પણ 3D એમ્બોઝ સકલ્પચર ક્રિએટ કરાવી ડેકોરેટિવ લુક તો અપાય છે સાથે શાંતિનો અહેસાસ કરાવાય છે. દીવાલની બંને સાઈડ મોરપીંછ ઉપરની સાઈડમાં વચ્ચે વાંસળી અને તેની ઉપર મેટલમાં એમ્બોઝ કરાયેલી નેમ પ્લેટ હોય. ભગવાન બુદ્ધ શાંતિનું પ્રતીક ગણાય છે તો તેમનું 3D એમ્બોઝ શિલ્પ ક્રિએટ કરાય છે જેને જોઈને મન પ્રફુલ્લિત થાય છે અને શાંતિનો અનુભવ થાય છે. વૉટરફોલ અને સેન્ટરમાં ભગવાન બુદ્ધનું એમ્બોઝ કરાયેલું શિલ્પનો ટ્રેન્ડ ફ્લેટ કલ્ચરમાં જોવા મળે છે.

## સોશ્યલ મીડિયાને કારણે પેઇન્ટિંગ ડેકોરેશનનો ટ્રેન્ડ આવ્યો



યતીન ભંડારીએ જણાવ્યું કે, અપર મિડલ ક્લાસ અને મિડલ ક્લાસ લોકોમાં પોતાના ફ્લેટના બેડરૂમ, બેઠક રૂમ (હોલ)ની વૉલ, પ્રવેશદ્વારની વૉલને પેઇન્ટિંગ અને 3D એમ્બોઝ સકલ્પચરથી ડેકોરેટ કરવાનો ટ્રેન્ડ સોશ્યલ મીડિયા પર ફોરેનના ઘરો જોઈને આવ્યો. આમાં ઇન્ટિરિયર ડિઝાઈનરને ઇનવોલ્વ કરી વાસ્તુ શાસ્ત્રને અનુસરીને એવા પેઈન્ટિંગ્સ, સકલ્પચર મુકાય છે જે નેગેટિવિટી દૂર કરે છે અને પોઝિટિવિટી લાવે છે.